# પ્રાર્થના પ્રવચન કાર્યક્રમ



**ડૉ. શેતલબેન બી. ખૈર**
કન્વીનર

પ્રાર્થનાથી પરિસ્થિતિ નથી બદલાતી
પણ
અભિગમ જરૂર બદલાય છે અને
બદલાયેલો અભિગમ પરિસ્થિતિ જ નહિ
પણ
સમગ્ર જીવનને બદલી નાંખે છે.

પ્રાર્થના એ ભગવાન સાથેનો સંવાદ છે. પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર સંદેશાવાહક પ્રાર્થના એટલે આપણી સમસ્યાઓ અને ચિંતાઓને સમર્પિત કરવી પ્રાર્થના આપણી સ્વયંની પ્રગતિ માટેનું એક સાધન છે. પ્રાર્થના એ કોઈ પણ તાર વિનાનું ઈશ્વર સાથેનું જોડાણ છે.

પરમાત્મા સાથે દિલની વાત કરવા કોલેજમાં દિવસની શરૂઆત "સામૂહિક પ્રાર્થના" થી કરવામાં આવે છે. પ્રશિક્ષણાર્થીઓની સર્વ શક્તિઓનો વિકાસ કરવા તેમના દ્વારા દરરોજ પ્રાર્થના, ગીત, વકતવ્ય, પ્રતિજ્ઞાપત્ર અને વંદે માતરમ્ ગાન રજૂ કરવામાં આવે છે પ્રતિજ્ઞાપત્ર ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અને અંગ્રેજી એમ ચારેય ભાષામાં સામૂહિક રીતે નિયમિત રજૂ કરવામાં આવે છે.

સમગ્ર પ્રક્રિયા બી.એડ્‌ની પ્રશિક્ષણાર્થીઓમાં સઘળા કૌશલ્ય વિકસાવવા માટે કરવામાં આવે છે

**પ્રાર્થના પ્રવચન કાર્યક્રમનાં હેતુઓ :-**

- પ્રશિક્ષણાર્થીનું તન અને મન ઈશ્વર તરફ વળે.
- પ્રશિક્ષણાર્થીમાં ગાન તથા અભિવ્યક્તિ કૌશલ્યનો વિકાસ થાય.
- પ્રશિક્ષણાર્થીઓ વિવિધ વિષયો પર પ્રેરણાદાયી વિચારો રજૂ કરતા થાય.
- પ્રશિક્ષણાર્થીઓ ઉત્કૃષ્ટ વકતવ્ય માટેના પુસ્તકો વાંચવા માટે પ્રેરાય.
- પ્રશિક્ષણાર્થીની મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થાય.
- પ્રશિક્ષણાર્થીઓમાંથી સ્ટેજ ફીઅર દૂર થાય અને સ્વતંત્ર અભિવ્યક્તિ માટેનો આત્મવિશ્વાસ વધે.
- પ્રશિક્ષણાર્થીઓમાં એકબીજા માટે સહકાર અને સમજણની ભાવનાનો વિકાસ થાય.

સમગ્ર વર્ષ દરમ્યાન પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થના સભામાં સર્વપ્રથમ સમૂહમાં ૐકાર ગાન કરવામાં આવે છે. ત્યારબાદ શ્લોકગાન, પ્રાર્થના, શ્લોકગાન ગીત, પ્રવચન, પ્રતિજ્ઞાપત્ર અને વંદેમાતરમ્ ગાન કરવામાં આવે છે. પ્રશિક્ષણાર્થીઓનો ઉત્સાહ વધારવા તથા તેમને જરૂરી પ્રેરણા પૂરી પાડવા અધ્યાયપકો દ્વારા ફીડબેક પણ આપવામાં આવે છે.

આ સમગ્ર વ્યવસ્થામાં પ્રાર્થના પ્રવચન કાર્યક્રમના ઈન્ચાર્જ અને તેના મંત્રી (પ્રશિક્ષણાર્થી) કાર્ય કરે છે. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. શ્લોકગાન તથા પ્રાર્થનાના શબ્દો નીચે પ્રમાણે છે.

| વાર | શ્લોક | પ્રાર્થના | શ્લોક |
|---|---|---|---|
| સોમવાર | યા કુન્દે... | જીવન અંજલિ થાજો | ગુરૂ બ્રહ્મા |
| મંગળવાર | વક્રતુંડ મહાકાય | ૐ તત્સત શ્રી નારાયણ | ગુરૂ બ્રહ્મા |
| બુધવાર | ત્વમેવ માતા ચ પિતા | પ્રભુ નમીએ | ગુરૂ બ્રહ્મા |
| ગુરૂવાર | વસુદેવ સુતમ્ | તેરી આરાધના કરું | ગુરૂ બ્રહ્મા |
| શુક્રવાર | યા દેવી સર્વભુતેષુ | વૈષ્ણવ જન તો | ગુરૂ બ્રહ્મા |
| શનિવાર | મનોજવં......... | નૈયા ઝુકાવી | ગુરૂ બ્રહ્મા |

પ્રશિક્ષણાર્થીઓની સાથે સાથે અધ્યાપકો પણ પ્રાર્થના પ્રવચન કાર્યક્રમ અંતર્ગત દર ગુરૂવારે વિવિધ ગીતો તથા પ્રશિક્ષણાર્થીઓને ભવિષ્યમાં ઉપયોગી બને તેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કરે છે.

| **વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમ્યાન અધ્યાપકોએ વ્યક્ત કરેલા ગીતની યાદી, વક્તવ્યના વિષય તથા પુસ્તક સમીક્ષાની યાદી નીચે પ્રમાણે છે** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **નામ** | **ગીત/વક્તવ્ય/ પુસ્તક સમીક્ષા** | **વિષય** |
| ૧ | ડૉ. ડી. આર. પરમાર | ગીત<br>વકતવ્ય | • માનવ ન થઈ શક્યો<br>• પુલનો રખેવાળ (મનનો માળો) |
| ૨ | ડૉ. ડી.એમ. પટેલ | ગીત<br>વક્તવ્ય | • મારે ગીતા શરણે જાવું છે<br>• ગણેશજી |
| ૩ | ડૉ. એમ.આર. સોલંકી | ગીત<br>વક્તવ્ય | • હે માનવ વિશ્વાસ....<br>• વિધિના લખીયા લેખ લલાટે...<br>• રથયાત્રા |
| ૪ | ડૉ. બિજલબેન આર. મિસ્ત્રી | ગીત<br>વક્તવ્ય | • એક પ્યાર કા નગ્મા હૈ...<br>• સુખ |
| ૫ | ડૉ. એમ. એચ. રાઠોડ | ગીત<br>વક્તવ્ય | • વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા...<br>• મનની વાત કંઈ રીતે જાણી શકાય ? |
| ૬ | ડૉ. એસ. બી. ખૈર | ગીત<br>વક્તવ્ય | • તેરી મીટ્ટી મે...<br>• ચારિત્ર્ય |
| ૭ | ડૉ. અર્પિતા ડી. વાઘેલા | ગીત<br>વક્તવ્ય | • સુખમાં ને દુઃખમાં...<br>• ઓલમ્પિક્સ |
| ૮ | પ્રા. એસ. વી. ગામીત | ગીત<br>વક્તવ્ય | • જહાં ડાલ ડાલ પર...<br>• અસ્તિત્વ |

આ સાથે બી.એડ્ કર્યા બાદ પ્રશિક્ષણાર્થીઓ TET/TATની Exam સફળતા પૂર્વક પાસ કરી શકે તે માટે અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓ દ્વારા જુદા જુદા વિષય તથા જનરલ નોલેજના પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓ સમક્ષ પ્રાર્થના સભામાં PPT દ્વારા રજૂઆત કરવામાં આવે છે.